# બાગાયતશાસ્ત્રી (બાગાયત ખેતીના નિષ્ણાંત – હોર્ટિકલ્ચરિસ્ટ)

બાગાયતશાસ્ત્રીની પ્રાથમિક ભૂમિકા છોડની સંભાળ, જાળવણી, સંવર્ધન અને વંશવૃદ્ધિ છે. તેઓ પોતાના કૌશલ્યોનો ઉપયોગ કરે છે અને ફળો, શાકભાજી, સુશોભન માટેના તેમજ બિન-ખાદ્ય પાકોના સ્વાસ્થ્ય અથવા વૃદ્ધિને મહત્તમ કરવા માટે પ્રયત્નશીલ રહે છે. તેઓ લેન્ડસ્કેપ્સ ડિઝાઈન કરી શકે છે અથવા ગોલ્ફ કોર્સ અને સ્પોર્ટ્સ ટર્ફનું સંચાલન પણ કરી શકે છે.

## વ્યક્તિગત નિપુણતા

- તમે વિજ્ઞાનમાં રૂચિ ધરાવો છો
- તમને બહાર કામ કરવાનું ગમે છે
- તમે વિગતો પર ધ્યાન આપો છો
- તમે સમસ્યાઓ/પરિસ્થિતિઓનું વિશ્લેષણ કરવાનું પસંદ કરો છો



ફી

આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. ૬,૦૦૦ થી ૮,૦૦,૦૦૦*** જેટલી હોય છે

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ** - **www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. વિજ્ઞાન પ્રવાહમાં ધો. ૧૨ પૂર્ણ કરો. (ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર અને જીવવિજ્ઞાન)

૨. કૃષિ / બાગાયતમાં સ્નાતક (B.Sc.)ની ડિગ્રી મેળવો. **અથવા** બાગાયતમાં ડિપ્લોમા કરો.

સ્નાતકની ડિગ્રી મેળવ્યા બાદ, સમાન અથવા સંબંધિત વિષયમાં અનુસ્નાતક (MSC) અને પી.એચ.ડી.ની ડિગ્રી મેળવો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો

## અપેક્ષિત આવક

*અહી આપેલ આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

બાગાયતશાસ્ત્રીનું અંદાજીત માસિક વેતન
**રૂ. ૧૧,૦૦૦ થી ૮૫,૦૦૦*** જેટલું હોય છે.

સ્રોત: https://www.payscale.com/research/IN/Job=Horticulturist/Salary/

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** કૃષિ સહકારી સંસ્થાઓ, સરકારી સંશોધન સંસ્થાઓ, ખાનગી સંશોધન કંપનીઓ, ફૂડ ટેકનોલોજી કંપનીઓ સહિત અન્ય.

**કાર્યસ્થળનું વાતાવરણ:** જો તમે કોઈ સંસ્થા માટે કામ કરવા માંગતા હો, તો તમે ઓફિસમાં તેમજ બહાર ફિલ્ડમાં એમ બંને સ્થળ પર કામ કરો તેવી શક્યતા છે. તમારે ટીમમાં કામ કરવું પડી શકે છે. તમારા કામના કલાકો નિયમિત હોવાની શક્યતા છે. સંસ્થાઓ સામાન્ય રીતે અઠવાડિયામાં ૫ થી ૬ દિવસ અને દરરોજ ૯ થી ૧૦ કલાક કામ કરે છે. સંસ્થા મુજબ તેમાં ફેરફાર થઈ  શકે છે. શિફ્ટ સિસ્ટમ ઉપલબ્ધ હોઈ શકે છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

જુનિયર હોર્ટિકલ્ચરિસ્ટ → હોર્ટિકલ્ચરિસ્ટ → સિનિયર હોર્ટિકલ્ચરિસ્ટ → હેડ ઑફ ઓપરેશન્સ

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

હોર્ટિકલ્ચ, ફ્લોરિકલ્ચરિસ્ટ, ઓલેરીકલ્ચરિસ્ટ

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ કૃષિ વિજ્ઞાન વિભાગ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.** સંસ્થાઓની અહી આપેલ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. આસામ કૃષિ યુનિવર્સિટી, જોરહાટ
૨. અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટી, ઉત્તર પ્રદેશ
૩. અન્નામલાઈ યુનિવર્સિટી, તમિલનાડુ
૪. બાબાસાહેબ ભીમરાવ આંબેડકર યુનિવર્સિટી, લખનૌ
૫. કૉલેજ ઓફ એગ્રીકલ્ચર, ભરૂચ
૬. બનારસ હિન્દુ યુનિવર્સિટી, વારાણસી
૭. બુંદેલખંડ યુનિવર્સિટી, ઝાંસી
૮. સરદાર કૃષિનગર દાંતીવાડા એગ્રીકલ્ચર યુનિવર્સિટી, બનાસકાંઠા

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા તપાસ કરો કે શું સંસ્થા યુ.જી.સી. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે કે નહી)

૧. આર. કે. યુનિવર્સિટી, રાજકોટ
૨. જયપુર નેશનલ યુનિવર્સિટી, જયપુર
૩. નોર્થ ઈસ્ટ ફ્રન્ટિયર ટેકનિકલ યુનિવર્સિટી, અરુણાચલ પ્રદેશ
૪. એસ.આર.એમ. ઇન્સ્ટિટ્યુટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી, તમિલનાડુ
૫. કૉલેજ ઓફ એપ્લાઈડ સાયન્સ પ્રોફેશનલ સ્ટડીઝ, નવસારી
૬. એમિટી યુનિવર્સિટી, નોઈડા
૭. અરુણાચલ યુનિવર્સિટી ઓફ સ્ટડીઝ, નમસાઈ
૮. ભગવંત યુનિવર્સિટી, અજમેર

સંસ્થાઓના રેન્કિંગ અંગેની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ડિસ્ટન્સ લર્નિંગ ઈન્સ્ટિટ્યુટ**

- ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)
- ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- NPTEL* સ્વયમ: https://onlinecourses.nptel.ac.in/noc22_ag13/preview/
- www.ncs.gov.in
- www.skillindiadigital.gov.in
- https://anubandham.gujarat.gov.in

* એન.પી.ટી.ઈ.એલ.-નેશનલ પ્રોગ્રામ ઈન ટેકનોલોજી એન્હાન્સ્ડ લર્નિંગ. તે ભારત સરકાર દ્વારા તૈયાર કરાવવામાં આવેલ છે જે ઓડિયો-વિડીયો સ્વરૂપમાં વિવિધ અભ્યાસક્રમો ઉપલબ્ધ કરાવે છે.

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

## સાફલ્ય ગાથા

**દુર્ગાપ્રસાદ પટેલ** મધ્યપ્રદેશના દમોહના રહેવાસી છે. તેમણે અનુક્રમે કૃષિ અને બાગાયતમાં બી.એસ.સી. અને એમ.એસ.સી.ની પદવી હાંસલ કરેલ છે. શિક્ષણ પૂર્ણ કર્યા પછી, શ્રી પટેલે એચ.ડી.એફ.સી. બેંકમાં ગ્રામીણ સેલ્સ એક્ઝિક્યુટિવ તરીકે કામ કરવાનું શરૂ કર્યું, ત્યારબાદ તેઓ "વાડી" પ્રોજેક્ટ (આદિવાસી સમુદાયો માટે ટકાઉ આજીવિકાને પ્રોત્સાહન આપવાનો તેમજ તેમની આવકની સુરક્ષામાં વધારો કરવાનો  ઉદ્દેશ્ય ધરાવતી પરિયોજના જેને નાબાર્ડ દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવેલ છે) સાથે કામ કરવા માટે રાજસ્થાનના બારાન જિલ્લામાં ગયા. તે હાલમાં બારાનમાં રહે છે.*

સ્ત્રોત:https://stories.workmob.com/durga-prasad-patel-agriculture

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.